રાજ્યની બિનસરકારી અનુદાનિત
કોલેજોના અધ્યાપક સહાયકોના ફીક્સ
પગારમાં સુધારો કરવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪.૦૪.૨૦૧૭

વંચાણે લીધા:

૧. વિભાગનો તા.૨૫.૦૮.૨૦૦૫ નો સમાનાંકી ઠરાવ

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરનો તા.૨૪.૦૧.૨૦૧૭ નો પત્રક્રમાંકઃ સીએચઇ/અ.મં./૨૦૧૭/૧૫૮૩

આમુખ:

રાજ્યની યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં અધ્યાપકની ખાલી જગાઓ "અધ્યાપક સહાયક" નામાભિધાનથી પ્રથમ પાંચ વર્ષની મુદત માટે માસિક ફીક્સ પગારથી ઉપર વંચાણે લીધેલા ક્રમાંક-૧ પરના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન ભરવામાં આવે છે. આ અધ્યાપકોના કિસ્સામાં રાજય સરકાર દ્વારા વખતો વખત તેઓને ચૂકવવામાં આવતાં માસિક ફીક્સ પગારમાં વધારો કરવામાં આવેલ છે. તદાનુસાર હાલ માસિક ફીક્સ વેતન રૂ.૨૫,૦૦૦/- ચૂકવવામાં આવે છે. રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ ફીક્સપગારના કર્મચારીઓના કિસ્સામાં નાણા વિભાગના તા.૧૮.૦૧.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ થી માસિક ફીક્સ પગારમાં વધારો કરવામાં આવેલ છે. જેને આધાર તરીકે લઇ, નૂતન અધ્યાપક મંડળ દ્વારા સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ વારંવાર રજુઆત કરવામાં આવી હતી. જે અન્વયે અધ્યાપક સહાયકના ફીક્સ પગારમાં વધારો કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં "અધ્યાપક સહાયક યોજના" અંતર્ગત નિમણૂક પામતાં અધ્યાપકને પ્રથમ પાંચ વર્ષની મુદત માટે માસિક ફીક્સ વેતન રૂ.૨૫,૦૦૦/- ચૂકવવામાં આવે છે તેમાં વધારો કરી માસિક રૂ.૪૦,૧૭૬/- ચૂકવવા માટે પુખ્ત વિચારણાને અંતે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ હુકમો ઠરાવ થયા તારીખથી અમલમાં આવશે.



Scanned by CamScanner

૩. આ હુકમો અનુદાનિત કોલેજોને જ લાગુ પડશે.

૪. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫.૦૩.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે).
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે).
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner